ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]
Website: http://www.bknmu.edu.in Email : phd@bknmu.edu.in

**પરિપત્ર**

**વિષય: Ph.D. કોર્સવર્ક-૨૦૨૪-૨૦૨૫ (બ્લેન્ડેડ મોડ) માં રજીસ્ટ્રેશન કરાવવા બાબત.**

આથી યુનિવર્સિટીના તમામ ભવનોના અધ્યક્ષશ્રીઓ/તમામ માન્ય પીએચ.ડી. સુપરવાઈઝર/ગાઈડશ્રીઓ તથા Ph.D. રીસર્ચ સ્કોલર્સને માન. કુલપતિશ્રીના આદેશાનુસાર જણાવવાનુકે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે પીએચ.ડી.ની પદવી માટે **Ph.D. Programme 2024-25** માં નોંધાયેલા તમામ વિદ્યાર્થીઓનું યુ.જી.સી. ના પીએચ.ડી. માટેના વિવિધ રેગ્યુલેશન્સ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સંબંધિત ઓર્ડીનન્સ પ્રમાણે પીએચ.ડી. કોર્ષવર્ક કરવાનું થાય છે જે પીએચ.ડી. સ્કોલર્સ **Ph.D. Programme 2024-25** માં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં રજીસ્ટર્ડ થયેલા છે તેઓએ યુ.જી.સી. - એચ.આર.ડી.સી., ગુજરાત યુનિવર્સિટી અને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં સંયુક્ત ઉપક્રમે યોજેલ **BLENDED MODE (online/offline)** કોર્સવર્ક કરવાનું થાય છે. તેથી આપના વિભાગમાં નોંધાયેલા તમામ વિદ્યાર્થીઓને નીચેની સુચના આપવા જણાવવામાં આવે છે.

1. પીએચ.ડી. કોર્ષવર્ક બાબતની તમામ માહિતી નીચે આપેલ લીંક પર ક્લીક કરવાથી ઉપલબ્ધ થશે.
   **https://hrdc.gujaratuniversity.ac.in/hrdc-Download**
2. કોર્સવર્કમાં ૧૨ ક્રેડીટનો કોર્સ ઓનલાઈન કરવાનો છે જે Ph.D. સ્કોલર ઓનલાઈન પોતાનાં ઘરે, અને પોતાની અનુકુળતા પ્રમાણે કોમ્પ્યુટર/મોબાઈલ ફોન/લેપટોપ અને ઇન્ટરનેટનો ઉપયોગ કરી ૮૦ કલાકમાં પૂર્ણ કરવાનો રહેશે જેમાં ઓનલાઈન લેક્ચર્સ, ટાસ્ક્સ, એસાઇન્મેન્ટ્સ, એમસીકયુ, ક્વિઝ, પ્રેઝન્ટેસન વગેરે કરવાના રહેશે. ત્યારબાદ પરીક્ષા આપવાની રહેશે જેની ફી રૂ.૧૦૦૦/- પરીક્ષા સમયે અલગથી ભરવાની રહેશે.
3. પીએચ.ડી. કોર્ષવર્ક કરવા ઇચ્છતા તમામ વિદ્યાર્થીઓએ આ વેબસાઈટ પરથી પીએચ.ડી. કોર્ષવર્ક માટે રજીસ્ટ્રેશન કરાવવાની નીચે આપેલ લીંક પર ક્લિક કરી ઓનલાઈન રૂ. ૨૫૦૦/- રજીસ્ટ્રેશન ફી ભરી, વેબસાઈટ પર આપેલ સુચના મુજબ રજીસ્ટ્રેશન કરવાનું થાય છે.

4. કોર્સવર્ક માટે તા: ૩૦/૦૫/૨૦૨૫ સુધીમાં નીચે આપેલ લીંક પર ક્લિક કરી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે **https://forms.gle/oH6D1QeSQhuTG9gP7**
5. પ્રત્યેક સુપરવાઈઝર/ગાઈડશ્રીએ પોતાનાં માર્ગદર્શન હેઠળ સંશોધન કરતા વિદ્યાર્થીઓ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી કોર્સવર્ક પૂર્ણ કરે તેની તકેદારી રાખવાની રહેશે.
6. કોર્સવર્ક શરુ થવાની સંભવિત તારીખ ૦૨/૦૬/૨૦૨૫ રહેશે. જે બાબતની તમોને ઈમેઈલ દ્વારા જાણ કરવામાં આવશે.
7. વિદ્યાર્થીએ સ્કેન કરેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો , આ સાથે સામેલ નમુના મુજબનું ડીકલેરેશન ફોર્મ (Annexure – 2 / પરિશિષ્ટ-૨**)** અને પીએચ.ડી. રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ/ પીએચ.ડી રજીસ્ટ્રેશન ફી ભર્યાની પાવતી વગેરે તૈયાર રાખવાના રહેશે. જે ફોર્મ ભરતી વખતે અપલોડ કરવાના રહેશે.
8. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી પીએચ.ડી. ઓર્ડીનન્સ નં.૧૫.૩ પ્રમાણે વિદ્યાર્થીઓ ૧૨ ક્રેડીટ કોર્ષવર્ક ફરજીયાત કરવાનું થાય છે.
9. કોર્ષવર્ક UGC, HRDC, Gujarat University દ્વારા ઓનલાઈન મોડમાં કરવામાં આવશે. જે ૮ ક્રેડીટનો રહેશે. જેની સંપૂર્ણ વિગતો રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ UGC HRDC ની સાઈટ ઉપર ઉપલબ્ધ થશે.
10. બાકીની ૪ ક્રેડીટ (૬૦ કલાક) માટેનું કોર્સવર્ક ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી પીએચ.ડી. ઓર્ડીનન્સ નં.૧૫.૩ પ્રમાણે સંલગ્ન વિભાગ, સંસ્થા કે કોલેજમાં વિદ્યાર્થીના સુપરવાઈઝર/ગાઈડના માર્ગદર્શન મુજબ વિષયને લગતું કોર્સવર્ક કરવાનું રહેશે. જેની સંપૂર્ણ માહિતી આ સાથે સામેલ **Annexure-3** માં આપેલ છે.
11. સદર વિષયને લગતા ૪ ક્રેડીટ (૬૦ કલાક) કોર્સવર્ક પૂર્ણ થતા વિદ્યાર્થીના સુપરવાઈઝર/ગાઈડ તેના વિષયને લગતા ૪ ક્રેડીટના કોર્સવર્કનું મૂલ્યાંકન કરશે અને સુપરવાઈઝર/ગાઈડ પોતાના તેમજ તેમના હેડ ઓફ ડીપાર્ટમેન્ટ (યુનિવર્સિટી વિભાગના કિસ્સામાં) અથવા પ્રિન્સીપાલ કે સંસ્થાના વડાના સહી અને સિક્કા સાથે આ સાથે

પરિશિષ્ટ-૧ માં આપ્યા મુજબનું પ્રમાણપત્ર તમને ઓનલાઈન કોર્સવર્ક દરમિયાન કહેવામાં આવે ત્યારે અપલોડ કરવાનો રહેશે.

12. સદર કોર્ષવર્કમાં ઉતીર્ણ થવા માટે આ ૮ ક્રેડીટનું મૂલ્યાંકન કે જે ૮૦ કલાક અને ૬૦ માર્કસનું રહેશે તેમાં ઓછામાં ઓછા ૫૫% એટલેકે ૩૩ માર્ક્સ મેળવવાના રહેશે અને ૪ ક્રેડીટનું મૂલ્યાંકન કે જે ૪૦ માર્કસનું રહેશે તેમાં ઓછામાં ઓછા ૫૫% એટલેકે ૨૨ માર્ક્સ મેળવવાના રહેશે.

13. Human Resource Development Centre (HRDC), દ્વારા કરવામાં આવેલ ૮ ક્રેડીટ (ઓનલાઈન) અને સંબંધિત સુપરવાઈઝર/ગાઈડ દ્વારા કરવામાં આવેલ ૪ ક્રેડીટનું કોર્સવર્ક આમ ૧૨ ક્રેડીટનું કોર્ષવર્ક પૂર્ણ કર્યે જરૂરી સબમીશન, મૂલ્યાંકન, પરીક્ષાનું પરિણામ અને વિદ્યાર્થીના સમગ્ર દેખાવને આધારે કોર્સવર્ક પૂર્ણતાનું પ્રમાણપત્ર રજીસ્ટ્રાર તથા કો-ઓર્ડીનેટર પીએચ.ડી. કોર્ષવર્ક ,ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ અને Director, Human Resource Development Centre (HRDC) દ્વારા સયુંકત રીતે આપવામાં આવશે જે દરેક વિદ્યાર્થીએ પીએચ.ડી. સિનોપ્સીસ જમા કરાવતી વખતે સક્ષમ અધિકારી સમક્ષ રજુ કરવાનું રહેશે અન્યથા તેમનો થીસીસ યુનિવર્સિટી દ્વારા સ્વીકારવામાં આવશે નહી.

૨૨/૬/૨૦૨૫

**ડો. ઓમ પી. જોષી**
Ph.D. **કોર્સવર્ક કો-ઓર્ડીનેટર**
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,**
**જુનાગઢ.**

**જા.નં.:બીકેએનએમયુ/એકેડેમિક/પીએચ.ડી./૪૮૮/૨૦૨૫**
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
જુનાગઢ-૩૬૨ ૨૬૩. તા: ૨૨/૦૫/૨૦૨૫

પ્રતિ,

- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના તમામ વિભાગના અધ્યક્ષશ્રીઓ
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા માન્યતા પ્રાપ્ત તમામ પીએચ.ડી. સુપરવાઈઝર/ગાઈડશ્રીઓ
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં Ph.D. Programme 2024-25 માં રજીસ્ટર થયેલ તમામ Ph.D. સ્કોલર્સ

**સાદર રવાના:**

- માનનીય કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવ

**Annexure-1**

**(This may be printed on the letter head of the institution)**

Date:

To
The Director,
UGC Human Resource Development Centre,
Gujarat University,
Ahmedabad
Email address:

Subject: Submission of the Ph D Course Work certificate and evaluation report of Mr/Ms…………………………………….......................................................

Dear Sir,
I hereby certify that Ph D scholar Mr/Ms. …………………………………………… has successfully completed his/her subject specific Ph D Course Work of 4 credits (60 hrs.) as per the Ph D Ordinance 15.3 (ii) of **Bhakta Kavi Narsinh Mehta University**. The details are as follows:

| | | | |
|---|---|---|---|
| Name of the Ph D Scholar | | | |
| Ph D Registration Number | | Ph D Registration Date | |
| Subject | | Faculty | |
| Title of the Ph D Thesis | | | |
| Name of the Research Supervisor | | | |
| Institutional Address of Research Supervisor | | | |
| Institutional Email Address | | | |
| Principal's Name & Mobile Number | | | |
| **SN** | **Head of Evaluation** | **Total Marks** | **Marks obtained** |
| 1 | Submission of Review of Literature in the form of Assignment | 20 | |
| 2 | Submission of Study of different contemporary and development issues in the subject/topic/Research Methodology in the form of Assignment | 10 | |
| 3 | Laboratory Work/ Library/Field Work/ Seminar/Conference/publication/Teaching work | 10 | |
| | **Total Marks** | **40** | |

Signature of the Guide

Name:

Date :

Forwarded through

Signature of the HoD/Principal where the Ph.D. supervisor/guide is permanently working

Seal of the Institution:

**Annexure-2**

# Declaration Form for Ph.D. Course Work submitted to UGC-HRDC Gujarat University, Ahmedabad

## For the Ph.D. Scholar

I ______________________________ hereby certify that the details/particulars provided by me in the online application form for Ph.D. coursework to HRDC Gujarat University are correct and authentic to the best of my knowledge. I accept full responsibility for the same.

Subject:

Title of Ph.D. :

Ph D Registration Number & Date:

Name of the Registering University:

**Signature of PhD Research Scholar**

**Name:**

**Date:**

## For the Ph.D. Supervisor

I ______________________________ hereby certify that Mr/Ms ______________________________ is registered for Ph.D. under my supervision / guidance in Bhakta Kavi Narsinh Mehta University, Junagadh. I recommend that the Ph. D. Scholar should be admitted to the Ph D coursework organized by HRDC Gujarat University, Ahmedabad and Bhakta Kavi Narsinh Mehta University, Junagadh.

**Signature of the Ph.D. Supervisor**

**With Office Seal.**

**Date :**

**Annexure-3**

## Ph.D. કોર્સવર્ક માટે ચાર ક્રેડીટ અંગેની સૂચનાઓ

આ ચાર ક્રેડીટનું મૂલ્યાંકન અંગે વિસ્તૃત જાણકારી Ph.D. Ordinance-2023 No. 15.3 (ii) માં આપવામાં આવેલ છે જે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં Ph.D. અભ્યાસક્રમમાં ૨૦૨૪-૨૦૨૫ માં રજીસ્ટર થયેલ બધા જ રીસર્ચ સ્કોલરને લાગુ પડે છે,જે નીચે પ્રમાણે છે.

1. રિચર્ચ સુપરવાઈઝર(ગાઈડ) દ્વારા ચાર ક્રેડીટનું રીસર્ચ સ્કોલરનાં વિષયને લગતું મૂલ્યાંકન કરવાનું થાય છે જે O.Ph.D. 15.3 (ii) અન્વયે ઓનલાઈન અથવા ઓફલાઈન કરી શકાય છે. આ ચાર ક્રેડીટ માટે ૬૦ કલાકનો કાર્ય પૂર્ણ કરવાનું થાય છે. જે માટે નીચેનાં મુદ્દાઓ દરેક રીસર્ચ સુપરવાઈઝારશ્રીએ અનુસરવાનું રહેશે.
    - રીસર્ચ સ્કોલરે રજીસ્ટર કરાવેલ Ph.D. શીષર્કનાં સંદર્ભેમાં થયેલ રીસર્ચ વર્કની સમીક્ષા (રીવ્યુ) કરવાનું થાય છે. જે માટે ગાઈડશ્રી રીવ્યુ કેવી રીતે કરાય, તેનું શું મહત્વ છે, કઈ-કઈ બાબતો તેમાં હોવી જોઈએ વગેરે બાબતો અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરે તે અપેક્ષિત છે. રીવ્યુ માટે Ph.D. Thesis, M.Phil. Dissertation, પુસ્તક, રેફરીડ/પિયર રીવ્યુડ/UGC CARE લીસ્ટેડ જર્નલમાં પ્રકાશિત થયેલ હોય તેવા રીસર્ચ પેપર, ISBN પુસ્તકમાં પ્રકાશિત થયેલ રીસર્ચ પેપર વગેરે બાબતો લઇ શકાય. રીવ્યુ ઓફ રીલેટેડ લિટરેચરને એસાઈન્મેન્ટ સ્વરૂપે લેવાનું રહેશે અને તેના કુલ ૨૦ ગુણ છે.
    - શિક્ષણ અને અભ્યાસનાં વિવિધ સમકાલીન વિકાસનાં મુદ્દાઓનું અભ્યાસ કરવાનું રહેશે જેમાં રીસર્ચ સુપરવાઈઝરશ્રીએ વિષયને લગતા સમકાલીન શીર્ષક/રીસર્ચ મેથોડોલીજી ઉપર વિદ્યાર્થી પાસે **Assignments** લેવાનું રહેશે. જેના મહત્તમ ગુણ ૧૦ છે.
    - રીસર્ચ સ્કોલરનાં વિષયનાં સંદર્ભમાં પ્રયોગશાળા કાર્ય/ક્ષેત્રીય કાર્ય (**Field Work)**/પુસ્તકાલય કાર્ય/Seminar/Conference/ કોલેજ કે ભવનમાં લેકચર લેવા નું મૂલ્યાંકન કરવાનું રહેશે જેના મહત્તમ ગુણ ૧૦ છે.
2. આ ચાર ક્રેડીટનો કોર્સવર્ક જે તે રીસર્ચ સ્કોલરનાં વિષયનાં સંદર્ભમાં જ હોવો જોઈએ.

3. ઓનલાઈન કોર્સવર્ક કે જે એકેડેમિક સ્ટાફ કોલેજ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ સાથે અત્રેની યુનિવર્સિટી કરી રહી છે તેમાં રજીસ્ટર થયેલ વિદ્યાર્થીઓ માટે આ ચાર ક્રેડીટનો (40 માર્કસનું) સર્ટીફીકેટ **(Annexure-1**) તમને જયારે કોર્સવર્ક દરમિયાન કહેવામાં આવે ત્યારે તેઓ જે લીંક આપે તેના પર અપલોડ કરવાનો રહેશે.
4. ઉપર મુજબ મુલ્યાંકન કર્યાના ડોક્યુમેન્ટ્સ રીસર્ચ સુપરવાઈઝર/ગાઈડશ્રીઓએ પોતાની પાસે રાખવાનાં રહેશે. યુનિવર્સિટી જયારે માંગે ત્યારે રજુ કરવાના રહેશે.

************************************************************************************
******